# રેવન્યુ તલાટીના ફાળવણી પત્રો આપવા અંગે અગત્યની જાહેરાત.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંક ૬૦/૨૦૧૫-૧૬ રેવન્યુ તલાટી અન્વયે તા. ૨૧/૦૭/૧૬ થી તા.૧૧/૦૮/૧૬ દરમ્યાન થયેલ પ્રમાણપત્ર ચકાસણી બાદ પસંદગી પામેલ ઉમેદવારોને માન.મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે ફાળવણી પત્રો આપવાનો કાર્યક્રમ મહેસૂલ વિભાગ દ્વારા તા. ૯-૯-૨૦૧૬ ના રોજ સવારે ૯-૩૦ કલાકે મહાત્મા મંદિર, મુખ્ય કન્વેન્શન હોલ, સેકટર-૧૩ સી, ગાંધીનગર.ખાતે યોજવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં ઉમેદવાર દ્વારા પસંદ કરાયેલ જિલ્લા મુજબના ફાળવણી પત્રો આપવામાં આવશે. ઉમેદવારે ઉકત તારીખે સવારે ૯-૩૦ કલાકે એક વાલી સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.ફાળવણી પત્ર ફકત ઉમેદવારને જ આપવમાં આવશે. જેની પણ નોંધ લેવી.

ઉમેદવારને પોતાના મેરીટના ક્રમમાં બેઠક પર દર્શાવેલ સ્ટીકર જોઇને પોતાનું સ્થાન મેળવી લેવાનું રહેશે.ઉમેદવારે પ્રમાણપત્ર ચકાસણી માટે મળેલ પત્ર સાથે લાવવાનો રહેશે તેમજ પ્રવેશ સમયે બતાવવાનો રહેશે. આ ઉપરાંત એક આઇ.ડી.પુફ્ર સાથે લાવવાનું રહેશે.

જે મુજબ તા. ૯-૯-૨૦૧૬ એ સવારે ૯-૩૦ કલાકે અચૂક હાજર રહેશો.